તારીખ : 07/10/2026

# એક વર્ષમાં જ બિસ્માર બન્યો સાવરકુંડલા સ્ટેટ હાઈવે

## રૂ.12 કરોડના ખર્ચે બનેલા માર્ગમાં ખાડા પડતાં રાત્રિના સમયે પેચવર્ક શરૂ, પાંચ કિલોમીટરનો રોડ એક વર્ષથી અધૂરો



સાવરકુંડલા: અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાંથી પસાર થતો મહત્વનો સ્ટેટ હાઈવે ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. સાવરકુંડલા શહેરના મધ્યમાંથી પસાર થતો અને આગળ ઉના, સોમનાથ, મહુવા, ખાંભા, રાજુલા તથા પીપાવાવ પોર્ટ જેવા મહત્વના વિસ્તારોને જોડતો આ માર્ગ કરોડોના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. જોકે માર્ગનું કામ પૂર્ણ થયાને એક વર્ષ જેટલો સમય થવા છતાં માર્ગની હાલત બિસ્માર બનવા લાગી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.સાવરકુંડલા શહેરમાંથી પસાર થતા આશરે પાંચ કિલોમીટર લાંબા માર્ગના કામને પૂર્ણ કરવામાં એક વર્ષથી વધુ સમય લાગી ગયો હોવા છતાં કામગીરી હજુ પણ પૂર્ણતાની કક્ષાએ પહોંચી નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તો જેમ જેમ આગળ બનાવવામાં આવે છે તેમ તેમ અગાઉ બનાવેલા ભાગમાં ખાડા પડવા લાગે છે અને ડામર ઉખડવાની શરૂઆત થઈ જાય છે. જેના કારણે માર્ગની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થયા છે.

### નવા રોડમાં ખાડા પડતાં પેચવર્ક

સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે તાજેતરમાં બનાવવામાં આવેલા રસ્તામાં જ અનેક સ્થળોએ ખાડા પડી જતાં હવે પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે રાત્રિના આશરે એક વાગ્યાના સમયે રોડ પર બેરીકેડ લગાવી વાહનવ્યવહારને રોકીને પેચવર્ક કરવામાં આવી રહ્યું છે.રાત્રિના સમયે કરવામાં આવી રહેલી આ કામગીરીને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રોડ બનાવતી એજન્સી દ્વારા દિવસ દરમિયાન નહીં પરંતુ મોડી રાત્રે કામગીરી કરીને રસ્તાની ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે આ અંગે સંબંધિત તંત્ર અને કોન્ટ્રાક્ટર તરફથી સત્તાવાર સ્પષ્ટતા થવી જરૂરી છે.

### એક વર્ષથી કામગીરી, છતાં રોડ અધૂરો

માત્ર પાંચ કિલોમીટર જેટલા માર્ગનું કામ પૂર્ણ કરવામાં એક વર્ષથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાની સ્થાનિકોની ફરિયાદ છે. રોડનું કામ ચાલી રહ્યું હતું ત્યારે પણ વાહનચાલકો અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.કામ દરમિયાન જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા અને વાહનચાલકોને વૈકલ્પિક માર્ગે આશરે આઠ



કિલોમીટરનો ફેરો ફરવાની ફરજ પડી હતી. લાંબા સમય સુધી ચાલેલી કામગીરીને કારણે સ્થાનિકો તથા વાહનચાલકોમાં પણ ભારે નારાજગી જોવા મળી હતી. હવે કામ પૂર્ણ થવાની આશા વચ્ચે નવા બનેલા રસ્તામાં જ ખાડા પડતા લોકોની મુશ્કેલી યથાવત રહી છે.

**રૂ.12 કરોડના ખર્ચ સામે ગુણવત્તા અંગે સવાલ**

આ માર્ગ માટે આશરે રૂ.12 કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવાઈ રહ્યું છે. કરોડોના ખર્ચે બની રહેલા માર્ગની હાલની સ્થિતિ જોતા તેની ગુણવત્તા અને કામગીરીની દેખરેખ અંગે સવાલો ઉઠી રહ્યા છે.સ્થાનિકોનો આક્ષેપ છે કે રોડનું કામ પૂર્ણ થયા બાદ થોડા જ સમયમાં ખાડા પડવા અને ડામર ઉખડવા લાગ્યા હોય તો સમગ્ર કામગીરીની ગુણવત્તાની તપાસ થવી જોઈએ. ખાસ કરીને રોડમાં ઉપયોગમાં લેવાયેલા મટિરિયલ, ડામરની જાડાઈ, રોડની બેઝ ક્વોલિટી તેમજ કામગીરી દરમિયાન કરવામાં આવેલી ટેકનિકલ ચકાસણીની તપાસ કરવાની માંગ ઉઠી છે.

**ત્રણ વર્ષની ડિફેક્ટ લાયબિલિટી હોવાનો દાવો**

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ માટે ત્રણ વર્ષની સમયમર્યાદા હેઠળ કોન્ટ્રાક્ટર/એજન્સીની જવાબદારી હોવાની વાત છે. જો માર્ગ આ સમયગાળા દરમિયાન બિસ્માર બને તો સંબંધિત એજન્સી પાસેથી ખામીઓ દૂર કરાવવાની જોગવાઈ હોવાનો સ્થાનિકોનો દાવો છે.આથી એક વર્ષમાં જ રોડમાં ખાડા પડ્યા હોવાના આક્ષેપોને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગ દ્વારા સ્થળ તપાસ કરવી, ગુણવત્તા ચકાસવી અને જવાબદાર એજન્સીને જરૂરી નોટિસ આપવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

**‘રોડ આગળ બને છે અને પાછળથી તૂટે છે’**

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે ‘રોડ આગળ બને છે અને પાછળથી તૂટે છે’ તેવી સ્થિતિ સર્જાઈ છે. નવા બનેલા માર્ગમાં વારંવાર પેચવર્ક કરવાની ફરજ પડી રહી હોવાથી રોડની ટકાઉપણાને લઈને પણ પ્રશ્નો ઉભા થયા છે.

સ્થાનિકોનું કહેવું છે કે માત્ર ખાડા પૂરવાથી સમસ્યાનો કાયમી ઉકેલ આવશે નહીં. રોડની મૂળભૂત ગુણવત્તાની તપાસ કરી જ્યાંથી માર્ગમાં ખામી સર્જાઈ રહી છે ત્યાં યોગ્ય રીતે પુનઃકામ કરવામાં આવે તે જરૂરી છે.

**તંત્ર દ્વારા તપાસની માંગ**

સાવરકુંડલા શહેરમાંથી પસાર થતો આ માર્ગ સ્થાનિક પરિવહન ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક મહત્વના વિસ્તારો અને પીપાવાવ પોર્ટ સાથે જોડાણ ધરાવતો હોવાથી તેનું મહત્વ વિશેષ છે. આવા મહત્વના માર્ગમાં એક વર્ષમાં જ ખાડા પડતા હોવાના આક્ષેપો વચ્ચે સમગ્ર કામગીરીની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

સ્થાનિકોની માંગ છે કે સંબંધિત વિભાગના અધિકારીઓ સ્થળ પર તપાસ કરે, રોડની ગુણવત્તાના નમૂના લેવામાં આવે અને ટેકનિકલ માપદંડો મુજબ કામ થયું છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવે. જો કામગીરીમાં ખામી સાબિત થાય તો જવાબદાર એજન્સી સામે નિયમ મુજબ કાર્યવાહી કરી રોડનું ગુણવત્તાસભર અને ટકાઉ કામ કરાવવામાં આવે.

રૂ.12 કરોડના ખર્ચે મંજૂર થયેલા અને સાવરકુંડલા શહેરના હૃદયમાંથી પસાર થતા આ મહત્વના માર્ગમાં એક વર્ષમાં જ ખાડા પડવાના આક્ષેપો વચ્ચે હવે તંત્રની તપાસ અને જવાબદારી નક્કી થાય છે કે નહીં તેના પર સૌની નજર છે.





તારીખ : 07/10/2026

# વડીલો માટે ખાસ પહેલ! રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિ:શુલ્ક એસેસમેન્ટ કેમ્પ



## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમોદીના સેવા અને સંકલ્પ અને સુશાસનના ૨૫ વર્ષ નિર્મિત વય વંદનાનો અનોખો કાર્યક્રમ સાવરકુંડલા વિધાનસભામાં યોજાશે;- શ્રી કસવાલા



ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વડીલોની સુખાકારી અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત સાવરકુંડલા ખાતે ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે વિશેષ મૂલ્યાંકન (તપાસ) કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે.સાવરકુંડલા-લીલિયા વિધાનસભા મતવિસ્તારના ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને ભારત સરકારના નિષ્ણાત તબીબો દ્વારા શારીરિક તકલીફોનું મૂલ્યાંકન કરવામાં આવશે. મૂલ્યાંકન બાદ વડીલોની જરૂરિયાત મુજબ સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી વડીલોને દૈનિક જીવનમાં વધુ સરળતા અને સુવિધા મળી રહે.આ વિશેષ કેમ્પ  તા. ૮ અને ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ, સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ કલાક સુધી *મહાત્મા ગાંધી ધર્મશાળા, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા ખાતે યોજાશે.કેમ્પમાં લાભ લેવા માટે વડીલોએ આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, આવકનો દાખલો (માસિક આવક રૂ. 3,000 સુધીની હોવાનું દર્શાવતો)* તેમજ કોઈપણ પ્રકારનું ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. વડીલોને કેમ્પનો લાભ લેવા માટે જરૂરી દસ્તાવેજો સાથે સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.આ કેમ્પમાં નોંધણી બાદ જ લાભાર્થીઓની તપાસ કરવામાં આવશે અને *નોંધણી કર્યા વગર કોઈપણ લાભાર્થીની તપાસ કરવામાં આવશે નહીં, તેમ આયોજકો દ્વારા જણાવાયું છે. તેમજ મૂલ્યાંકન/તપાસ બાદ જરૂરી સહાયક સાધનોના વિતરણ અંગેની માહિતી ત્યારબાદ આપવામાં આવશે.વડીલોને સરકારની આ મહત્વપૂર્ણ યોજનાનો લાભ લેવા મોટી સંખ્યામાં કેમ્પમાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.કેમ્પના સફળ આયોજન માટે સમાજ સુરક્ષા કચેરી, અમરેલી, જિલ્લા વહીવટી તંત્ર-અમરેલી તથા સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે. સાવરકુંડલા-લીલિયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા દ્વારા પણ વડીલોને આ સરકારી યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

## સાવરકુંડલા વિધાનસભાના વડીલો માટે નિ:શુલ્ક એસેસમેન્ટ કેમ્પ તારીખ ૮ અને ૯ ઓક્ટોબર વડીલોની સેવા, સન્માન અને સુખાકારી માટે વિશેષ પહેલ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## માલામાલ કુપન સાથે એક સ્ક્રેપ કુપન "ફ્રી"

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 07/10/2026

# અમરેલીના પૂર્વ સાંસદ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા વીરજીભાઈ ઠુંમરનું દુઃખદ અવસાન

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં આગવું સ્થાન ધરાવતા કોંગ્રેસના દિગ્ગજ નેતા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય શ્રી વીરજીભાઈ ઠુંમરનું આજે અમરેલી ખાતે ટૂંકી બીમારી બાદ ૬૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનની સત્તાવાર માહિતી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દૂધાત દ્વારા આપવામાં આવી છે.શ્રી વીરજીભાઈ ઠુંમર લાંબા સમયથી ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તેમના અવસાનના સમાચારથી અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના રાજકીય ક્ષેત્રમાં શોકની લાગણી વ્યાપી છે. તેમણે જાહેર જીવન દરમિયાન ખેડૂતો, સહકારી ક્ષેત્ર તથા વિવિધ સામાજિક પ્રશ્નોને લઈને સતત અવાજ ઉઠાવ્યો હતો.

**સાંસદ અને ધારાસભ્ય તરીકેની સફર**

શ્રી વીરજીભાઈ ઠુંમર વર્ષ ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાન અમરેલી લોકસભા બેઠકના સાંસદ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન લાઠી-બાબરા વિધાનસભા બેઠકના ધારાસભ્ય તરીકે તેમણે કામગીરી કરી હતી.

જાહેર જીવન દરમિયાન તેમણે ખેડૂતોના પ્રશ્નો, ગ્રામ્ય વિસ્તારના વિકાસ, સહકારી ક્ષેત્ર તથા સ્થાનિક લોકોના પ્રશ્નોને વાચા આપવાના પ્રયાસો કર્યા હતા. સૌરાષ્ટ્રના રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં તેઓ પોતાની સ્પષ્ટવક્તા અને આક્રમક રાજકીય શૈલી માટે જાણીતા હતા.તેમના અવસાનથી પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો તેમજ કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓમાં શોકની લાગણી પ્રસરી છે. જાહેર જીવનમાં તેમની સેવાઓને લોકો લાંબા સમય સુધી યાદ રાખશે.

***અંતિમ યાત્રા *** શ્રી વીરજીભાઈ ઠુંમરની અંતિમ સ્મશાનયાત્રા આજે તા. ૭ ઓક્ટોબર ૨૦૨૬, બુધવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી.



તારીખ : 07/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

## હવેથી નવા સરનામે

## એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા




**સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.**

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ- 10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

તારીખ : 07/10/2026

# ધારીના આંબરડી રોડ પર ખાનગી રિસોર્ટ નજીક સિંહ પરિવારની હિલચાલ કેમેરામાં કેદ



અમરેલી જીલ્લાના ધારીના આંબરડી રોડ પર આવેલા એક ખાનગી રિસોર્ટ નજીક સિંહ પરિવારની હિલચાલ કેમેરામાં કેદ થતાં આસપાસના વિસ્તારોમાં ચિંતા જોવા મળી રહી છે. માનવ વસાહત નજીક રાત્રિના સમયે સિંહ પરિવારની અવરજવર જોવા મળતાં સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ફફડાટ ફેલાયો છે.ધારી પંથકમાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારો તેમજ ધારી શહેરની આસપાસના વિસ્તારોમાં સિંહ સહિતના વન્યપ્રાણીઓની હિલચાલ અવારનવાર જોવા મળી રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે વન્યપ્રાણીઓ માનવ વસાહત નજીક પહોંચતા હોવાથી સ્થાનિકો દ્વારા સાવચેતી રાખવામાં આવી રહી છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માનવ વસાહત નજીક સિંહોની અવરજવર જોવા મળતા વન વિભાગ દ્વારા પેટ્રોલિંગ અને મોનિટરિંગની કામગીરી વધુ અસરકારક બનાવવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે. સિંહોની હિલચાલ અંગે સમયસર જાણકારી મેળવી જરૂરી તકેદારી રાખવામાં આવે તો માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ટાળી શકાય અને સ્થાનિકોમાં રહેલો ભય પણ ઓછો થઈ શકે તેમ છે.

તારીખ : 07/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## રાષ્ટ્રીય વયોશ્રી યોજના
## એસેસમેન્ટ (તપાસ) કેમ્પ
### ભારત સરકાર





**સાવરકુંડલા - લીલીયા વિધાનસભા**
**૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે વિશેષ તક,**
**મૂલ્યાંકન (તપાસ) કેમ્પ**

# "વડીલો માટે સરકારની નિ:શુલ્ક સાધન સહાયનો સોનેરી અવસર"

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વયોશ્રી યોજના અંતર્ગત સાવરકુંડલા ખાતે વિશેષ મૂલ્યાંકન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલોનું ભારત સરકારના નિષ્ણાતો દ્વારા મૂલ્યાંકન (તપાસ )કરવામાં આવશે. વડીલોની જરૂરિયાત મુજબ તથા યોજનાના નિયમો અનુસાર સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**તારીખ : ૦૮-૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ । ગુરુ-શુક્રવાર, સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી**
**સ્થળ : મહાત્મા ગાંધી ધર્મશાળા, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા**

**સાથે લાવવાના જરૂરી દસ્તાવેજો**

૧. આધાર કાર્ડ (આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ)
૨. આવકનો દાખલો
(માસિક આવક ૧૫,૦૦૦ સુધીની હોય તે દર્શાવતો આવકનો દાખલો)
૩. ફોટા (પાસપોર્ટ સાઇઝના ૨ ફોટા)

**વડીલોને ખાસ અપીલ**

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના ૬૦ વર્ષથી વધુ ઉંમરના શારીરિક તકલીફ હોય તેવા તમામ વડીલો આ કેમ્પનો લાભ અવશ્ય લે.
કેમ્પમાં ભારત સરકારના નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ વડીલોનું મૂલ્યાંકન કરવામાં આવશે.
જરૂરી દસ્તાવેજો સાથે લઈને કેમ્પ સ્થળે સમયસર અવશ્ય પધારો.

**વિશેષ નોંધ : મૂલ્યાંકન (તપાસ/નિદાન) થયા પછી જરૂરી સાધન-સહાયના વિતરણનો કેમ્પ થશે જેની જાણકારી પછીથી આપવામાં આવશે.**

**ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ-સામાજીકતા ન્યાય અને અધિકારીતા વિભાગભારત સરકાર**
**સહયોગ :**
**જીલ્લા વહિવટી તંત્ર-અમરેલી**

સંપર્ક

**સમાજ સુરક્ષા કચેરી**
બહુમાળી ભવન, અમરેલી
ફોન : ૦૨૯-૨૨૩૦૨૯

**શ્રીમતિ નયનાબેન પુરોહિત**
(સમાજ સુરક્ષા અધિકારી)
મો. ૮૯૮૦૦૭૫૫૭૫



**મહેશ કસવાલા**
**(ધારાસભ્ય)**
**સાવરકુંડલા - લીલીયા**

## રજિસ્ટ્રેશન કરાવવા માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો

**શ્રી જયેશભાઈ મહેતા**
**(સમાજ સુરક્ષા સહાયક)**
**મો. ૯૭૧૨૨૭૫૬૨૨**

**શ્રી અર્જુનભાઈ ચૌહાણ**
**(ઓપરેટર)**
**મો. ૭૮૦૨૮૨૪૯૩૩**

## રજીસ્ટ્રેશન કર્યા વગર કોઈ પણ લાભાર્થીની તપાસ કરવામાં નહી આવે



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 124 1916








# અરે... વાહ...

# ૯,૯૯૯ સુધી

## કરોડોની કિંમતના ઈનામો!

## હા, સાચું વાંચ્યું.

# તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફર: ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

ક્રે.ડૈ NEWS

તારીખ : 07/10/2026

# સાવરકુંડલા તાલુકાકક્ષાના ખેલ મહાકુંભમાં કન્યા શાળાની છાત્રાઓનો દબદબો

## એથ્લેટિક્સ સ્પર્ધામાં 6 પ્રથમ અને 5 દ્વિતીય ક્રમ મેળવી જિલ્લા કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે



સાવરકુંડલા તાલુકા કક્ષાએ તાજેતરમાં યોજાયેલા ખેલ મહાકુંભમાં બ્રાન્ચ શાળા નં. 2 કન્યા શાળા, સાવરકુંડલાની વિદ્યાર્થિનીઓએ એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કરી શાળા તેમજ સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.વિવિધ વયજૂથની એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં કન્યા શાળાની હોનહાર છાત્રાઓએ શાનદાર દેખાવ કરતાં કુલ 6 પ્રથમ ક્રમ અને 5 દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યા છે. આ સાથે વિજેતા વિદ્યાર્થિનીઓએ હવે જિલ્લા કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરવાની સિદ્ધિ મેળવી છે.વિજેતા વિદ્યાર્થિનીઓમાં પરમાર કિંજલ અનકભાઈએ લાંબીકૂદમાં પ્રથમ ક્રમ, ગોહિલ હિના હરેશભાઈએ 600 મીટર દોડમાં દ્વિતીય ક્રમ, ડાભી માનસી મથુરભાઈએ ચક્રફેંકમાં પ્રથમ ક્રમ, રાણાવડીયા શિવાંગી જયેશભાઈએ 100 મીટર દોડમાં દ્વિતીય ક્રમ, ગૌરીયા દિપાવલી હરેશભાઈએ ઊંચીકૂદમાં પ્રથમ ક્રમ, સોલંકી જાનવી રજનીભાઈએ ઊંચીકૂદમાં પ્રથમ ક્રમ તેમજ ગોળાફેંકમાં પણ પ્રથમ ક્રમ મેળવ્યો છે.તે ઉપરાંત રાણાવડીયા કાવ્યા જયેશભાઈએ 30 મીટર દોડમાં પ્રથમ ક્રમ તેમજ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં દ્વિતીય ક્રમ, ઝાખરા હુમેરા ફારુકભાઈએ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમ અને જાદવ આયશા ઈરફાનભાઈએ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં દ્વિતીય ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના P.T.I. શિક્ષક આસીફભાઈ કુરેશી, પ્રિન્સિપાલ ભારતીબેન રાઠોડ તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

તારીખ : 07/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



oppo

ગુજરાત મોબાઈલ
પસંદગી તમારી, સર્વિસ અમારી

## OPPO F35 Series 5G

## Group selfie Expert

PRE-BOOK NOW




Festive OFFER

FREE PREMIUM GIFT
ON PRE BOOKING




Powered by
ColorOS

10% Instant Cashback* | OR | UPTO 18 Months Zero Down Payment* | OR | 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

SBI card · HDFC BANK · AXIS BANK · ICICI Bank · IDFC FIRST Bank · kotak · BOBCARD · YES BANK · BAJAJ FINANCE · TVS CREDIT · HDB · DMI FINANCE · UPI

# ગુજરાત મોબાઈલ

મણીભાઈ ચોક (રાઉન્ડ), સાવરકુંડલા. મો. 91048 28700

તારીખ : 07/10/2026

# ઝારસુગુડા યાર્ડ રિમોડેલિંગ તથા સુરેન્દ્રનગર સ્ટેશન પર ટ્રાફિક બ્લોકના કારણે કેટલીક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોના સંચાલનમાં નિર્ધારિત એન્જિનિયરિંગ કામગીરીને કારણે ફેરફાર કરવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધા અને જાણકારી માટે અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.દક્ષિણ પૂર્વ રેલવેના ચક્રધરપુર મંડળ હેઠળ ઝારસુગુડા પેસેન્જર યાર્ડના રિમોડેલિંગ કાર્ય માટે નોન-ઈન્ટરલોકિંગ કાર્ય કરવામાં આવશે. આ કાર્યને કારણે ભાવનગર મંડળમાંથી પસાર થતી નીચેની ટ્રેનોની નિર્ધારિત મુસાફરીઓ રદ રહેશે:•

ટ્રેન નંબર 12949 પોરબંદર–સંત્રાગાછી એક્સપ્રેસ – તારીખ 11 ડિસેમ્બર 2026ની મુસાફરી રદ રહેશે.•

ટ્રેન નંબર 12950 સંત્રાગાછી–પોરબંદર એક્સપ્રેસ – તારીખ 13 ડિસેમ્બર 2026ની મુસાફરી રદ રહેશે.

આ ઉપરાંત, સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (FOB)ના ગર્ડર લોન્ચિંગ કાર્ય માટે ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. તેના કારણે નીચેની ટ્રેનના પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે:•

ટ્રેન નંબર 19120 વેરાવળ–ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી – તારીખ 09 ઑક્ટોબર 2026ના રોજ તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી પ્રસ્થાન કરશે.•

ટ્રેન નંબર 19119 ગાંધીનગર કેપિટલ–વેરાવળ ઈન્ટરસિટી – તારીખ 09 ઑક્ટોબર 2026ના રોજ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી પ્રસ્થાન કરશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ પોતાની મુસાફરી શરૂ કરતા પહેલાં સંબંધિત ટ્રેનના સંચાલનની સ્થિતિની પુષ્ટિ કરીને પોતાની મુસાફરીનું આયોજન કરે.રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે મુસાફરી સંબંધિત કોઈપણ અસુવિધાથી બચવા માટે મુસાફરી પહેલાં ટ્રેનના સમય તથા સંચાલનની નવીનતમ સ્થિતિની માહિતી અવશ્ય મેળવી લે.

અતુલ કુમાર ત્રિપાઠી, વરિષ્ઠ મંડલ
વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

તારીખ : 07/10/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# નવલી નવરાત્રીનાં આગમને વિવિધ વેરાયટીઓની ખરીદી માટે ૧૦૦ વર્ષો જુનુ એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

અમારે ત્યાંથી પ્લાસ્ટીક તથા મેટલ પતાકડા અવનવી વેરાયટીમાં મોતીહાર, સુખડહાર, રેશમહાર, ફુલના હાર, સાટીનપટ્ટી હાર, તુઈના હાર, દરેક પ્રકારના ગરબીના રંગીન કાગળ, મેટલ વેલ, ફુલવેલ, ગોટાવેલ, ગાર્ડનવેલ, નીત નવીન વેરાયટીમાં શણગાર સામાન

દરેક પ્રકારનો પુજાપો, દશાંગ ધુપ, ગુગળ, અગરબત્તી, અમારી સ્પેશ્યલ દરેક સાઈઝની માતાજી આકર્ષક ચુંદડીઓ અવનવી વેરાયટીમાં મળશે..

# આશાના જનરલ સ્ટોર્સ

મેઈનબજાર, સાવરકુંડલા. મો. 98249 29394/99248 83535

બ્રાન્ચ : શાહીવાળો ખાંચો, શ્રીજી ચેમ્બર, સાવરકુંડલા

તારીખ : 07/10/2026

# કસ્તુરબા ઉત્તર બુનિયાદી વિદ્યાલય - મોટી પાણીયાળી ખાતે 'ગણિત સપ્તાહ'નો ભવ્ય પ્રારંભ







કસ્તુરબા ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ખાતે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શકે અને વિષયનો ડર દૂર કરી સરળતાથી સમજી શકે તેવા શુભ આશય સાથે તારીખ ૦૫/૧૦/૨૦૨૬ થી ૧૦/૧૦/૨૦૨૬ દરમિયાન 'ગણિત સપ્તાહ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ અંતર્ગત દરરોજ સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા દરમિયાન ગણિતના વિવિધ પ્રકરણો પર તજજ્ઞ શિક્ષકો દ્વારા ખાસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. કાર્યક્રમના પ્રથમ દિવસે, ૦૫ ઓક્ટોબરના રોજ વિષય નિષ્ણાત વિનુભાઈ સાસાણી દ્વારા 'આંકડાશાસ્ત્ર' પ્રકરણ પર વિદ્યાર્થીઓને પાયાની સમજ અને દાખલા ગણવાની સરળ રીતો શીખવવામાં આવી હતી. આ સમગ્ર સપ્તાહ દરમિયાન ગણિત વિષયના તજજ્ઞ રાજુભાઈ ગોહિલ – દ્વિચલ સુરેખ સમીકરણ, આશિષભાઈ મહેતા – યામ ભૂમિતિ , હઠીસિંહ ચૌહાણ – સંભાવના પી.એન. મકવાણા – ત્રિકોણ ,નીલમબેન કચ્છલા – સમાંતર શ્રેણી વિશે માહિતી આવશે.વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યે રસ-રૂચિ કેળવાય અને બોર્ડની પરીક્ષાની પૂર્વતૈયારી મજબૂત બને તે હેતુથી યોજાયેલા આ સપ્તાહમાં વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

કે.ડી. NEWS
તારીખ : 07/10/2026
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તથા

## ડી.કે. પટેલ & લુહાર યુવા ગૃપ આયોજિત

# પ્રિ-નવરાત્રી મહોત્સવ



: પ્રેઝન્ટ બાય :

## રોનાલ્ડ ઓરકેસ્ટ્રા

નોંધ : ફકત હિન્દુ સમાજ આવકાર્ય

**પાસનાં સૌજન્ય : સોનિક જવેલર્સ**

## તારીખ : ૧૦/૧૦/૨૦૨૬, શનિવાર

## સમય : રાત્રે ૯ કલાકે

**પાસ મેળવવાના સ્થળો**

મધુરમ્ મોબાઈલ : રિદ્ધિ સિધ્ધિ નાથ ચોક - 9714230030

શકિત મોબાઈલ : ગઢિયા પેટ્રોલ પમ્પ સામે, મહુવા રોડ - 9737212505

સહજાનંદ મોબાઈલ : દેવળા ગેઈટ,પોલીસ ચોકી સામે - 9408683783

બજરંગ ગેસ : આઝાદ ચોક -9429077470

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :




ક્રેડૈ NEWS
તારીખ : 07/10/2026

# સાવરકુંડલા તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ-૨૦૨૬'માં વંડાની શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલનો ડંકો



ખેલાડીઓએ મેડલ અને વણઝાર સર્જી રોકડ પુરસ્કારોના બન્યા હકદારસ્થળ: વંડા (તા. સાવરકુંડલા)રમતગમત ક્ષેત્રે હંમેશાં અગ્રેસર રહેતી અને પ્રતિભાવંત ખેલાડીઓ આપતી વંડાની શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલા સાવરકુંડલા તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૬'માં અદભુત પ્રદર્શન કરીને શાળા અને ગામનું નામ સમગ્ર તાલુકામાં રોશન કર્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ વોલીબોલ અને એથ્લેટિક્સ જેવી રમતોમાં પોતાનું ઉત્કૃષ્ટ કૌવત ઝળકાવીને અનેક ઈનામો અને અઢળક રોકડ પુરસ્કારો જીતી લીધા હતા.વોલીબોલ સ્પર્ધામાં શાળાનું શાનદાર પ્રદર્શન:શાળાની વોલીબોલ ટીમોએ મેદાન મારતા અંડર-૧૭ (બહેનો)ની ટીમે દ્વિતીય ક્રમ, ઓપન એજ ગ્રુપ (બહેનો)ની ટીમે પ્રથમ ક્રમ અને ઓપન એજ ગ્રુપ (ભાઈઓ)ની ટીમે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી ભવ્ય વિજય મેળવ્યો છે.એથ્લેટિક્સમાં ખેલાડીઓએ જાળવી રાખી પોતાની બાદશાહત: એથ્લેટિક્સમાં શાળાના ભાઈઓ અને બહેનોએ વિવિધ વયજૂથમાં મેડલ્સનો વરસાદ કર્યો હતો, જેની વિગત નીચે મુજબ છે:

ભાઈઓનો વિભાગ:અંડર-૧૭ ગ્રુપ: ખસિયા યતિને ઊંચી કૂદમાં દ્વિતીય, તેમજ લોલડીયા ભીમે બરછીફેંક અને ૧૫૦૦ મીટર દોડ બંનેમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે.ઓપન એજ ગ્રુપઃ મકવાણા આકાશે ઊંચી કૂદમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય, બાંભણીયા ઉત્સવે ઊંચી કૂદમાં દ્વિતીય અને લાંબી કૂદમાં તૃતીય, વાળસૂર સુમિતે ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય તેમજ સરવૈયા ભાર્ગવે ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવી અદભુત સફળતા મેળવી છે.

બહેનોનો વિભાગ:અંડર-૧૪ ગ્રુપઃ બાંભણીયા નિરાલીએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, મેવાડા ઉર્વશીએ ઊંચી કૂદમાં દ્વિતીય અને ખેરાળા ધારાએ લાંબી કૂદમાં તૃતીય ક્રમ મેળવ્યો છે.અંડર-૧૭ ગ્રુપઃ આંકોલિયા ઋચિકાએ લંગડી ફાળકૂદમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ, મેર કુંજલે ઊંચી કૂદમાં તૃતીય તથા રાઠોડ ધ્રુવીએ ગોળાફેંકમાં ચોથો ક્રમ મેળવ્યો છે.ઓપન એજ ગ્રુપઃ ધાખડા કિરણે ૨૦૦ મીટર દોડમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.ખેલ મહાકુંભમાં વિજેતા બનેલા આ તમામ ખેલાડીઓએ આકર્ષક રોકડ પુરસ્કારોના હકદાર બન્યા છે. વિદ્યાર્થીઓની આ ઐતિહાસિક અને ભવ્ય સિદ્ધિ બદલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનજીબાપા તળાવિયા અને આચાર્ય શ્રી સંજયભાઈ ચૌહાણે તમામ વિજેતા ખેલાડીઓ તથા તેમને સતત માર્ગદર્શન અને તાલીમ આપનાર શાળાના પી.ટી. શિક્ષક શ્રી ડી.પી. સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે શાળાના તમામ શિક્ષકગણે ખેલાડીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ અને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભક્તિ અને સુગંધનો અદ્ભુત સંગમ

## જયાં સુગંધ છે ત્યાં જ શાંતિ અને સમૃદ્ધિ છે.

## ધુપ તેમજ અગરબત્તીનો વિશાળ ખજાનો

- સેન્ટેડબત્તી
- મસાલાબત્તી
- ધુપસ્ટીક
- ભીનાધુપ
- કોડીયાધુપ
- કોનધુપ
- ગુગળ
- લોબાન
- દશાંગ ધુપ
- પંચનાથ ધુપ
- કપુર ગોળી
- દીવેટ
- ભીમસેન કપુર
- લાંબી અગરબત્તી
- સાંબ્રાણી ધુપ
- જમ્બો કોડીયા ધુપ
- પ્યોર ગુગળ
- કપુર ગુગળ બત્તી

ધુપ છાણા * ધુપ કોલસા * કપુરદાની

સ્પ્રે, અત્તર, રૂમ સ્પ્રે, ડીઓ સ્પ્રે તેમજ દરેક કંપનીની સ્ટાન્ડર્ડ અગરબત્તી, સ્ટીક તો ખરી જ...

તમારા ઘર અને પુજા ઘરને બનાવો સકારાત્મક ઉર્જાથી ભરપુર...



ઉપરોકત દરેક આઈટમમાં વિશાળ રેન્જ હાજરમાં મળશે..



# રૂપેશ પરફ્યુમ્સ

The One Stop Smell Shop

મેઈનબજાર, સાવરકુંડલા. મો. ૯૯૨૪૫ ૪૦૫૦૪

કે.ડી. NEWS
તારીખ : 07/10/2026

# ૨૫ વર્ષ — અને વડાપ્રધાનપદની બદલાયેલી પરિભાષાઆજે ભારત એક નોંધપાત્ર રાજકીય સીમાચિહ્નનું સાક્ષી બની રહ્યું છે...



નરેન્દ્ર મોદી એક ચૂંટાયેલી સરકારના વડા તરીકે સતત ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે—પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને ત્યારબાદ ભારતના વડાપ્રધાન તરીકે.પરંતુ કદાચ તેમની આ સફરની સ્ટોરીની મહત્ત્વની વાત માત્ર તેમના કાર્યકાળની લંબાઈ નથી ; તેમના રાજકીય ઉદય સાથે વડાપ્રધાનની ભૂમિકા વિશે લોકોની કલ્પના અને અપેક્ષાઓ કેવી રીતે બદલાઈ છે, એ વાત વધુ મહત્ત્વની છે.પરંપરાગત રીતે ભારતના વડાપ્રધાન પાસેથી મુખ્યત્વે દેશનું શાસન ચલાવવું, મંત્રીમંડળનું નેતૃત્વ કરવું, સંસદમાં સરકારનું નેતૃત્વ કરવું અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવું—એવી અપેક્ષા રાખવામાં આવતી હતી.મોદી મોડલે વડાપ્રધાનની આ જાહેર ભૂમિકાનો વ્યાપ ઘણો વિસ્તારી દીધો છે.વડાપ્રધાન હવે એકસાથે—વહીવટકર્તા + સંવાદકર્તા + પ્રચારક + રાષ્ટ્રીય જનજાગૃતિના પ્રેરક + નીતિઓના અમલીકરણના નિરીક્ષક + વૈશ્વિક મંચ પર ભારતનો ચહેરો + સાંસ્કૃતિક પ્રતીક + રાજકીય બ્રાન્ડ + ભારતના ભવિષ્યના કથાનાયક — જેવી અનેક ભૂમિકાઓમાં એક શાથે જોવા મળે છે.'મન કી બાત' દ્વારા નાગરિકો સાથે સીધો સંવાદ સાધવાથી લઈને યોજનાઓના અમલીકરણ પર નજર રાખવા સુધી; સરકારી કાર્યક્રમોને જનઆંદોલનમાં પરિવર્તિત કરવાથી લઈને રાજદ્વારીને સામાન્ય નાગરિક સુધી દૃશ્યમાન બનાવવા સુધી; ભારતના સભ્યતાગત વારસાને ઉજાગર કરવાથી લઈને "વિકસિત ભારત ૨૦૪૭" નું સ્વપ્ન રજૂ કરવા સુધી—મોદીએ વડાપ્રધાનના પદને દેશના રોજિંદા જાહેર જીવનમાં અગાઉ કરતાં વધુ સતત દૃશ્યમાન બનાવ્યું છે.નરેન્દ્ર મોદીએ ભારતીય વડાપ્રધાન કેવા હોઈ શકે—અને કદાચ કેવા હોવાની લોકો અપેક્ષા રાખે છે—તેની વ્યાખ્યા જ બદલી નાખી છે. અને કદાચ આ પરિવર્તન તેમને અનેક ચૂંટણીઓમાં મળેલા વિજય કરતાં પણ વધુ દૂરગામી સાબિત થઈ શકે છે.કારણ કે સરકારો બદલાય છે.વડાપ્રધાનો પણ એક દિવસ પદ પરથી વિદાય લે છે.

પરંતુ જ્યારે કોઈ નેતા પદ વિશે સમાજની The અપેક્ષાઓ જ બદલી નાખે છે, ત્યારે તેનો પ્રભાવ એ વ્યક્તિના કાર્યકાળ કરતાં પણ ઘણો લાંબો ટકી શકે છે.ભારતીય વડાપ્રધાનપદની આ વિસ્તૃત પરિભાષા કદાચ નરેન્દ્ર મોદીના કાર્યકાળ પછી પણ જીવંત રહેશે.

~ ડો. ભરત કાનાબાર@KANABARDr9426914677 / 9338256445

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઈએ છે...

## ઓફીસ વર્ક માટે એક બહેન જોઈએ છે...

## બહારગામના પણ આવકાર્ય

: સંપર્ક :

**મો. 88496 11622**

તારીખ : 07/10/2026

# રાજુલા-જાફરાબાદ-ખાંભા મતવિસ્તારના વિકાસલક્ષી પ્રશ્નો અંગે મુખ્યમંત્રી સાથે હીરાભાઈ સોલંકીની મુલાકાત

## રાજુલા–ખાખબાઈ પુલ, નગરપાલિકા બિલ્ડિંગ, મંજૂર રસ્તાઓ અને PGVCLના પ્રશ્નો અંગે સકારાત્મક ચર્ચા



ગાંધીનગર મુકામે રાજુલા-જાફરાબાદ-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી મતવિસ્તારના વિવિધ વિકાસલક્ષી તથા જનહિતના પ્રશ્નો અંગે સકારાત્મક ચર્ચા કરી હતી.મુલાકાત દરમિયાન રાજુલા–ખાખબાઈ પુલ અંગે જરૂરી કાર્યવાહી કરવા, રાજુલા નગરપાલિકાના નૂતન બિલ્ડિંગ માટે જગ્યા ફાળવવા તેમજ મતવિસ્તારમાં અગાઉ મંજૂર થયેલા વિવિધ રસ્તાઓની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી.આ ઉપરાંત PGVCLને લગતા વિવિધ પ્રશ્નો અને મતવિસ્તારના લોકોની સુવિધા તથા વિકાસ સાથે સંકળાયેલા અન્ય મુદ્દાઓ અંગે પણ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. અગાઉ ધારાસભ્યશ્રી દ્વારા કરવામાં આવેલી વિવિધ રજૂઆતો અંગે પણ મુખ્યમંત્રીશ્રી સાથે સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજુલા-જાફરાબાદ-ખાંભા મતવિસ્તારના વિકાસ અને જનહિતના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મતવિસ્તારના વિવિધ પ્રશ્નો રાજ્ય સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરી તેના વહેલી તકે ઉકેલ માટે પ્રયાસો ચાલુ રાખવામાં આવશે.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# નવરાત્રી નિમિતે

અવનવી ડીઝાઇનમાં હાર, ચુંદડી, અંબાજી સ્પે. ધુપ તથા ગુગળ તેમજ અવનવી વેરાયટીમાં ડેકોરેશનની ખરીદી કરવા આજે જ પધારો..

## જય ખોડીયાર પુજાપા સેન્ટર

મેઈનબજાર, સાવરકુંડલા

તારીખ : 07/10/2026

# અમરેલીમાં ટેક્નિકલ કર્મચારીઓના પ્રશ્નો અંગે લોકલ સર્કલ કમિટીની બેઠક



અમરેલી વર્તુળ કચેરી ખાતે અધિક્ષક ઈજનેર ડામોરની અધ્યક્ષતામાં લોકલ સર્કલ કમિટી (LCC)ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના હોદ્દેદારો તેમજ અમરેલી, ભાવનગર, ઉના અને સાવરકુંડલા સહિતના વિસ્તારોના ટેકનિકલ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન ટેકનિકલ કર્મચારીઓની સલામતીને ધ્યાનમાં રાખીને જરૂરી સલામતી સાધનો ઉપલબ્ધ કરાવવા, જોખમી કામગીરી એકલા કર્મચારીને ન સોંપવા તેમજ FRT ટીમમાં પૂરતો અને અનુભવી સ્ટાફ રાખવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત સ્માર્ટ મીટર બદલવાની કામગીરી એજન્સી મારફતે કરાવવા અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી.ટેકનિકલ કર્મચારીઓના કામના ભારણ અને સ્ટાફની અછતના મુદ્દે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઓવરટાઈમ તથા રજાના નિયમોનો યોગ્ય અમલ કરવા, G S O - 4 મુજબ પૂરતો સ્ટાફ ફાળવવા, ઉના ડિવિઝનમાં મીટર ટેસ્ટર સ્ટાફની અછત દૂર કરવા તેમજ પ્રમોશન બાદ ખાલી પડેલી કેડરની જગ્યાઓ ભરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી.આ ઉપરાંત ટેકનિકલ કર્મચારીઓને બિનજરૂરી રીતે કેશ કલેક્શન જેવી કામગીરી ન સોંપવા અંગે પણ મંડળ દ્વારા પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો. કર્મચારીઓની સલામતી, સુવિધા અને કામનું ભારણ ઘટાડવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.મંડળના સર્કલ સેક્રેટરી પી.એ. ચાવડાએ જણાવ્યું હતું કે ટેકનિકલ કર્મચારીઓની સલામતી તથા તેમના કામના ભારણ સહિતના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે મંડળ દ્વારા અસરકારક રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓના હિત સાથે જોડાયેલા પ્રશ્નોના નિરાકરણ માટે મંડળ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવતા રહેશે.

## સલામતી સાધનો, સ્ટાફની અછત, ઓવરટાઈમ અને કામના ભારણ સહિતના પ્રશ્નો અંગે રજૂઆત

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 06/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે.પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજરમાં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦, બપોર પછી ૩:૦૦ થી ૭:૦૦**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.

મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

કે.ડી. NEWS
તારીખ : 07/10/2026

# સાવરકુંડલા શહેરમાં 'નો પ્લાસ્ટિક' જાગૃતિ કાર્યક્રમ યોજાયો







સાવરકુંડલા: શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, જેસર રોડ દ્વારા સાવરકુંડલા નગરને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના સુંદર સંકલ્પ સાથે 'નો પ્લાસ્ટિક' જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા શહેરના શાક માર્કેટમાં જઈ લોકોને પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગથી થતા નુકસાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ નાગરિકોને કાપડની સીવેલી થેલીઓનું વિતરણ કરી પ્લાસ્ટિકની થેલીના બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.વિદ્યાર્થીઓએ શાકભાજી લેવા જતા સમયે ઘરેથી કાપડની થેલી સાથે લઈ જવા તથા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ ન કરવા અંગે લોકોને સમજણ આપી હતી. પર્યાવરણની જાળવણી અને સ્વચ્છ શહેરના નિર્માણ માટે નાગરિકોએ પણ આ અભિયાનને સારો પ્રતિસાદ આપ્યો હતો.આ સેવાકીય અને જનજાગૃતિના કાર્ય માટે સંસ્થા ના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદદાસજી સ્વામી ના આશીર્વાદ તેમજ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કોઠારી અક્ષરમુક્તદાસજીએ સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ સંસ્થાના ડાયરેક્ટર શ્રી વ્યાસ સાહેબ અને પ્રિન્સિપાલ શ્રી કૌશિક ગિરી ગોસ્વામીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી પર્યાવરણ સંરક્ષણના આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાવા પ્રેરણા આપી હતી.ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ આ પ્રયાસથી,"પ્લાસ્ટિક છોડો, કાપડની થેલી અપનાવો'"નો સંદેશ સાવરકુંડલા શહેરના નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

તારીખ : 07/10/2026

# શ્રી કે.કે હાઈસ્કૂલની વિદ્યાર્થીની રાઠોડ શિવાનીનું વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ગૌરવપૂર્ણ તૃતિય સ્થાન




સાવરકુંડલા: રમત-ગમત, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહેલી શ્રી નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા સંચાલિત શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની વિદ્યાર્થીનીએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા “સેવાના રંગ, રાષ્ટ્રના સંગ” અંતર્ગત યોજાયેલી વ્યક્તિગત રંગોળી સ્પર્ધામાં શ્રી કે.કે. હાઈસ્કૂલની વિદ્યાર્થીની રાઠોડ શિવાનીએ ઉત્કૃષ્ટ રંગોળી રજૂ કરી જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ બદલ તેણીને રૂ. ૨,૫૦૦નું પુરસ્કાર પ્રાપ્ત થયું છે.શિવાનીની આ સફળતા પાછળ માર્ગદર્શક શિક્ષકો શ્રી આપાભાઈ માંજરીયા, શ્રી તૃપ્તિબેન ભરાડ અને શ્રી નૂતનબેન ચૌધરીનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મહત્વપૂર્ણ રહ્યું હતું.વિદ્યાર્થીનીની આ સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનકુમાર ગુજરીયા તથા નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા, સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવી તેણીના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

તારીખ : 07/10/2026

# બાબરામાં 45 આંગણવાડી સંચાલિકા બહેનોનું સન્માન



## 15 આંગણવાડી કેન્દ્રોમાં બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓને પોષણયુક્ત આહારનું વિતરણ

અમરેલી જીલ્લાના બાબરા શહેરના વોર્ડ નં. 1થી 6માં આવેલા 15 આંગણવાડી કેન્દ્રોમાં 'આંગણ ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓના પોષણ, આરોગ્ય તથા સર્વાંગી વિકાસ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.ઈન્ચાર્જ નગરપાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુક્લ તથા સહ-ઈન્ચાર્જ જીગુબેનના માર્ગદર્શન હેઠળ યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, શહેર ભાજપ પ્રમુખ લ્પેશભાઈ ખખ્ખર સહિતના આગેવાનો, નગરપાલિકા સભ્યો તથા સી.ડી.પી.ઓ. વર્ષાબેન વસોયા ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે બાબરા શહેરની 45 આંગણવાડી સંચાલિકા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને સુખડી, ફળફળાદી તથા રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમજ સગર્ભા માતાઓ અને કિશોરીઓને પોષણયુક્ત આહારનું વિતરણ કરી સંતુલિત આહાર અને આરોગ્યપ્રદ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.'આંગણ ઉત્સવ'ના માધ્યમથી આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોના પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતી કામગીરીને વધુ પ્રોત્સાહન મળ્યું હતું.

કે.ડી. NEWS
તારીખ : 07/10/2026

# લાઠીમાં વન સંરક્ષણ જાગૃતિ માટે નિબંધ-ચિત્ર સ્પર્ધા યોજાઈ



## વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વન અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

અમરેલી જિલ્લાના લાઠી ફોરેસ્ટ વિભાગ દ્વારા એ.જે. સંઘવી કન્યા વિદ્યાલય ખાતે વન સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી નિબંધ લેખન તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વન અને પર્યાવરણ સંરક્ષણના મહત્વ અંગે જાણકારી મેળવી હતી. વિદ્યાર્થિનીઓએ વન સંરક્ષણ, પર્યાવરણ જાળવણી તેમજ પ્રકૃતિના રક્ષણનો સંદેશ આપતાં વિવિધ સુંદર અને સર્જનાત્મક ચિત્રો દોર્યા હતા. સાથે જ વન સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિને લગતા વિષયો પર નિબંધો પણ રજૂ કર્યા હતા.સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થિનીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ તથા વન સંરક્ષણની ભાવના જોવા મળી હતી. વન વિભાગ દ્વારા યોજાયેલી આ પ્રવૃત્તિના માધ્યમથી વિદ્યાર્થિનીઓને વન અને પર્યાવરણનું મહત્વ સમજાવવા સાથે પ્રકૃતિ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આવી શૈક્ષણિક અને જાગૃતિસભર પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે છે અને ભાવિ પેઢીને પ્રકૃતિના સંવર્ધન માટે પ્રેરણા મળે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 07/10/2026

# સાવરકુંડલા ના સાર્વજનિક દવાખાનામાં આવતી કાલે રાહતદરે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે...




સાવરકુંડલાના વેદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતે આવેલા સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે જયારે જૂના અને હઠીલા રોગો ની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે  આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટ થી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોક્ટર અમી પાંધી રાહત દરે સેવા પૂરી પાડે છે, આ હોમિયોપેથીક કેમ્પ આવતી કાલે તા.૮/૧૦/ ને ગુરુવારે યોજાશે જેમાં જુના હઠીલા દર્દો ,ચામડીના દર્દો, એલર્જી થી થતા દર્દો, શ્વસનતંત્ર ને લગતા દર્દો, માનસિક દર્દો ,મહિલાઓને લગતા દર્દો ,એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર  રહિત અક્સીર સારવાર કરવામાં આવશે વહેલા તે પહેલાના ધોરણે નવા કેસ સવારે લેવામાં આવશે અને જૂના દર્દીઓએ બપોર બાદ આ કેમ્પનો લાભ લેવા સાર્વજનીક દવાખાના ની યાદીમાં જણાવાયું છે.

કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

# મહાકાળી ચોક આંગણવાડી કેન્દ્ર ખાતે "આંગણ ઉત્સવ" કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો






સાવરકુંડલા:ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ICDS પ્રોજેક્ટ અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ, યોગ્ય પોષણ અને પ્રારંભિક શિક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મહાકાળી ચોક આંગણવાડી કેન્દ્ર (કોડ નં. ૪૨) ખાતે "આંગણ ઉત્સવ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે નાના ભૂલકાંઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત માતાઓને બાળકોના પોષણ અને આરોગ્ય વિષયક મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા સાહેબ, નગરપાલિકા પ્રમુખ શ્રી નયનાબેન કાપડીયા, વોર્ડ નં. ૪ ના કાઉન્સિલરશ્રીઓ શ્રી અર્ચનાબેન જાની, શ્રી કલ્પેશભાઈ રાઠોડ, શ્રી દક્ષાબેન કવા, શ્રી જીગ્નેશભાઈ ટાંક, ભાવિકભાઈ મકવાણા, શ્રી દિનેશભાઈ રાઠોડ, ICDS સુપરવાઈઝર/મુખ્ય સેવિકા શ્રી અરુલતાબેન જાની તેમજ મહિલા મોરચાના સભ્ય ઉષાબેન મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું આંગણવાડી સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આંગણવાડી વર્કર ભુમિકાબેન આર. બામટા તેમજ હેલ્પર દમુબેન પી. રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં બાળકો, વાલીઓ અને સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.


કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

ચન્દ્રનું માણસને આકર્ષણ છે..
એવરેસ્ટનું શિખર સર કરવાનીએની
ગણતરી છે...સાગરના તળિયે પડેલા
મોતીઓની એને ઝંખના છે, પણ સદા
સર્વદા સાથે જ રહેતા પોતાના
આત્માનું એને લેશ આકર્ષણ
નથી.અતિદૂરનું આકર્ષણ અને
અતિનિકટનું વિસ્મરણ, શું આ
દુનિયાનો એ જ કાયદો હશે ?




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

**3538**
**07/10/2026**
**Wednesday**

## आत्मा

इस जगत मे एक गुरु ही होता है, जो आप को "अंतरमुखी" कर के अनुभूती कराता है, की परमात्मा बाहर नही आपके ही भितर है.

बाबास्वामी
7/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 07/10/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 7 ઓકટોબર
# મહત્વની ઘટનાઓ

૧૯30 – ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને ફાંસીની સજા ફરમાવવામાં આવી.
૧૯૫0 – મધર ટેરેસાએ ચેરિટી મિશનરીઝની સ્થાપના કરી.
૧૯૫૮ – ૧૯૫૮ના સત્તાપલટાથી પાકિસ્તાનમાં લશ્કરી શાસનની શરૂઆત થઈ.
૧૯૬૩ – રાષ્ટ્રપતિ કેનેડીએ આંશિક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિની બહાલી પર હસ્તાક્ષર કર્યા.
૧૯૭૭ – ચોથું સોવિયેત બંધારણ અપનાવવામાં આવ્યું.
૧૯૮૭ – શીખ રાષ્ટ્રવાદીઓએ ખાલિસ્તાનની ભારતથી આઝાદીની ઘોષણા કરી; તેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી નથી.
૨00૧ – ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો.

## જન્મ

૧૮૮૫ – નીલ્સ બૉહર, ડેનીશ ભૌતિકશાસ્ત્રી (અ. ૧૯૬૨)
૧૮૯૧ – નરહરિ પરીખ, ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ સેનાની અને લેખક (અ. ૧૯૫૭)
૧૯00 – હિમલર હેનરિક, જર્મન નાઝી નેતા અને પોલિસ વડા (અ. ૧૯૪૫)
૧૯0૭ – દુર્ગાવતી દેવી ભારતીય ક્રાંતિકારી (અ. ૧૯૯૯)
૧૯૧૪ – બેગમ અખ્તર, "મલ્લિકા-એ-ગઝલ" (ગઝલની રાણી) તરીકે ઓળખાતા ભારતીય ગાયિકા અને અભિનેત્રી (અ. ૧૯૭૪)
૧૯૭૪ – કિરણસિંહ ચૌહાણ, ગુજરાતી કવિ અને પટકથા લેખક
૧૯૭૮ – ઝહીર ખાન, ભારતીય ક્રિકેટર

## અવસાન

૧૭0૮ – ગુરુ ગોવિંદસિંહ, શીખ ધર્મના દસમા ગુરુ (જ. ૧૬૬૬)
૧૯૫0 : વિલિસ કેરિયર અમેરિકન એન્જિનયર, આધુનિક એરકંડીશનરના શોધક (જ. ૧૮૭૬)

તારીખ : 07/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 07/10/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



કે.ડી

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




88K

59K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**